સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પરવા ન બંધીની, બધાને પરવાના દઈ દો!
સાજા-નરવા રહેવા, સૌને પરવાના દઈ દો!
પરવાનાથી હવે તરવા દો, તબીબોને પણ -
નિશ્ચિંત થવા, પિયક્કડોને પરવાના દઈ દો!
(ન હેરાફેરી, ન દરોડા, ન પોલીસનો ડર!)

મારો તમાચો !
ગેહલોત ના ગાલે -
દૈ દો જવાબ!
(લોકો, દારૂ નહીં, દવા પીવે છે!)

દારૂબંધીનો -
બંદોબસ્ત વિના જ
થશે અમલ !
(પછી યૂસ્ત બંધી!)

હાઈકુ

ચિંતન

ચરન્ વૈ મધુ વિન્દતિ ચરન્ સ્વાદુમુદુમ્બરમ્ ।
સૂર્યસ્ય પશ્ય શ્રેમાણં યો ન તન્દ્રયતે ચરન ॥ ચરૈવેતિત ।

ઉપરોક્ત શ્લોક કઠઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે ચાલતો રહે છે એને ઈષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. ચાલતા રહેવાથી જ ફળનો આનંદ મળે છે. સૂર્ય ક્યારેક આળસ કરીને ગતિશીલતા છોડતો નથી.

ચાલતા રહેવું એટલે અકારણ હડિયાપાટી કરવી એવો અર્થ થતો નથી. પ્રમાદ છોડીને સતત ઉદ્યમ કરતા રહેવો એવો જ અર્થ થાય છે. કંઈક પ્રાપ્ત કરવા માટે મનોમન ઈચ્છા થાય. ઈચ્છા થવી એમાં કશું અસાધારણ નથી પણ ઈચ્છાની પૂર્તિ માટે ઉદ્યમ અનિવાર્ય છે એ વાત જો સમજાતી નથી તો પછી માત્ર ઈચ્છા કરવાનો શું અર્થ ?

સૂર્ય અનાદિ કાળથી પૂર્વમાં નિશ્ચિય સમયે જ ઉદિત થાય છે અને એવા જ નિશ્ચિત સમયે પશ્ચિમમાં અસ્ત પામે છે. એને અસ્ય પામ્યો એમ આપણે કહીએ પણ એ જ સમયે એ વિશ્વના બીજે છેડે ઉદય પામતો હોય છે. આનો અર્થ એ થયો કે સૂર્ય ક્યાંક પણ એક ક્ષણ સુધ્ધાં અટક્યો નથી. સતત ચાલતો રહે છે એટલે જ તો આપણું જીવન છે.

સુવિચાર

- હું લડાઈ શોધવા જઈશ નહીં, પણ જો લડાઈ મારા માર્ગમાં આવી જશે તો હું ભાગી જઈશ નહીં - **તમિલ કહેવત**
- તમારામાં સર્વોત્તમ લોકો તે જ છે જેમના અખલાક (ચરિત્ર) સારા હોય - **હઝરત પયંગબર સાહેબ**
- ઉત્તમ માણસની ત્રણ ઓળખ છે. સદ્‌ગુણો હોવાથી તે ચિંતાથી મુક્ત છે. ડાહ્યો હોવાથી તે ગૂંચવાડા મુક્ત છે, બહાદુર હોવાથી તે ભયથી મુક્ત છે - **અમૃતબિંદુ**
- હંમેશા નાની નાની ભૂલોથી બચવાનો પ્રયત્ન કરો, કારણ કે માનવી પહાડો સાથે નહીં, પરંતુ નાના નાના પથ્થરો સાથે અથડાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એક એકલો મૂર્ખ પણ એવો સવાલ કરી શકે છે, જેનો જવાબ ચાલીશ બુદ્ધિમાન મળીને પણ નથી આપી શકતા - **ફ્રેન્ચ કહેવત**
- પાપ એ માટે દુઃખદ નથી કે તેની મનાઈ છે, પણ તેની મનાઈ એટલા માટે છે કે તે દુઃખદ છે - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : બરોળ વૃદ્ધિને કારણે બ્લડ રિપોર્ટમાં શ્વેતકણો વધારે આવે તો એ રોગીએ આખો ઉનાળો નિયમિત એક ટંક માત્ર પાકી કેરી ખાવી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભારતની આઝાદીનો ઉમંગ કોમી તોફાનોને કારણે શોકમાં બદલાઈ ગયો હતો. આખા દેશમાં કોલાહલ હતો. એવામાં દેશમાં એક ઓરડો એવો હતો. જ્યાં સૌથી વધારે શાંતિ હતી. જ્યાં તમામ ધર્મના લોકો એક સાથે બેસીને એકબીજાને સહારો આપી રહ્યા હતા. તે ઓરડો મહાત્મા ગાંધીનો હતો. આ ઓરડામાં દેશભરમાંથી ખૂન ખરાબાના સમાચાર તો આવતા હતા. પરંતુ અંદર કોઈ કોઈની ઉપર બૂમમરાડા કરતું ન હતું. એવામાં એક કોંગ્રેસી કાર્યકર ગાંધીજીને રમખાણોમાં કેટલા જીવ ગયા કેટલા ઘાયલ થયા વગેરેની માહિતી આપતા હતા. ગાંધીજીએ એને પૂછ્યું, 'જ્યારે રમખાણો થઈ રહ્યા હતા ત્યારે તમે શું કરી રહ્યા હતા ?' કાર્યકરે કહ્યું, 'બાપુ અમે બધા કોંગ્રેસના કાર્યકરો રમખાણો રોકવાની મહેનત કરી. દિવસ-રાત અમે રમખાણો રોકવામાં લાગ્યા હતા.' ગાંધીજીએ પૂછ્યું, 'સારું, તો પછી એમાં કેટલાં કોંગ્રેસ કાર્યકર્તા માર્યા ગતા.' આ સવાલ સાંભળી ત્યાં બેઠેલા તમામ કાર્યકર્તાઓ અવાચક થઈ ગયા. પેલા કાર્યકર્તાઓમાંના એકે કહ્યું, 'બાપુ, અમારામાંથી કોઈ નથી મરી ગયું.' ત્યારે બાપુ બોલ્યા, 'તો તમે કઈ રીતે કહી શકો કે રમખાણો રોકવાની ભારે કોશિશ કરી ? કોશિશ કરતાં જો તમારામાંથી કોઈ મર્યો નથી તો હું કઈ રીતે માની લઉં કે તમે કોશિશ કરી હતી ?' આ હતી અમનની સૌથી ઊંચી મંઝિલ. જ્યાં સુધી ગાંધીજી ખુદ તો જવા માગતા હતા, પોતાના સાથીઓને પણ ત્યાં સુધી લઈ જવા માગતા હતા, બુરાઈ, નફરત, રમખાણોને ખતમ કરવા માટે પોતાના મોતની હદ સુધી જવું અને એને જ ખરો ગાંધીવાદ કહી શકાય.

નવા નાગરિકતા કાનૂન સામેના પડકારો

તંત્રીસ્થાનેથી...

ભારતનું બંધારણ ધર્મ-સંપ્રદાય કે નાતજાતના ભેદભાવ સ્વીકારતું નથી. દેશનું વિભાજન અલબત્ત ધર્મના નામે થયું હતું પરંતુ એની માગણી કોઈ કોંગ્રેસી નેતાઓ નહોતી કરી. મહમદ અલી ઝીણાએ સ્થાપેલી અલગ કોમવાદી પાર્ટીએ એ માગણી કરી હતી. જેનો કોંગ્રેસ સાથે સંકળાયેલ પ્રખર મુસ્લિમ નેતાઓ મૌલાના આઝાદ કે સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફારખાન વગેરેએ સખત વિરોધ કર્યો હતો. ના છૂટકે સમજૂતીના ભાગ રૂપે કોંગ્રેસી નતાઓને અલગ પાકિસ્તાનની માગણી સ્વીકારવા માગતા અંગ્રેજ હાકેમ માઉન્ટબેટન સાથે સહમત થવું પડ્યું હતું અને તે પછી વસતિની અદલાબદલીમાં જે કત્લેઆમ થઈ હતી તે ભારતીય ઉપખંડના ઈતિહાસની લોહિયાળ કરુણાંતિકા છે, જેનું સ્મરણ સુધ્ધાં આટલાં વર્ષો પછી આપણને નખશિખ ધ્રુજાવી મૂકે છે. નવા નાગરિકતા કાનૂન પાછળનો મૂળ ઈરાદો સ્વાભાવિક રીતે જ ધર્મના નામે રાજય શાસન ચલાવતા ઈસ્લામિક પાડોશી રાષ્ટ્રોમાં લઘુમતી હિંદુ ધર્માવલંબીઓ પર નિરંતર થતા રહેતા અત્યાચારોની ફલશ્રુતિ છે. ભારતમાં મુસલમાનો સલામત છે, એમને કોઈ ધર્મપરિવર્તન કરાવવા નવરું નથી કે નથી એમની બહેનબેટીની ઈજ્જત સામે કોઈ આંગળી ચીંધતું. ઊલટાના હિંદુઓની બહુમતી ધરાવતા દેશમાં 'લવ જેહાદ' જેવી નિંદનીય પ્રવૃત્તિઓ જરૂર ચાલતી રહી છે. હિંદુ પ્રજા સહનશીલ છે, સર્વસમાવેશી અને ઉદાર છે. ધર્મના નામે જે 'મોબ લિન્ચિંગ' જેવી કેટલીક ઘટનાો બનવા પામી છે એમાં જરૂર આક્રમકતા દેખાઈ છે પરંતુ એના મૂળમાં પણ ગૌવધ જેવી ઘટનાઓ કે લવજેહાદ જેવા પ્રસંગો પડેલા છે. આથી જયારે હિંદુઓના હિતનું રક્ષણ કરવાના ખાસ ઉદ્દેશથી રચાયેલ 'જનસંઘ'ની નવી આવૃત્તિ સમી ભારતીય જનતા પાર્ટીનું શાસન હિંદુ હિજરતીઓને રાહત આપતો કાનૂન બનાવે ત્યારે આશ્ચર્ય ન જ થવું જોઈએ. બાંગ્લાદેશ તો ભારતીય સેનાની મદદથી જન્મેલું રાષ્ટ્ર છે, છતાં તે બિનસાંપ્રદાયિક ઓળખ ઊભી કરવાને બદલે ઈસ્લામિક રાષ્ટ્રનો સિક્કો લગાવીને બેસી ગયું છે. ઈસ્લામિક રાષ્ટ્રોમાં હિંદુ અને બીજા ધર્મોને અનુસરતા લોકો સ્વાભાવિક રીતે જ સેકંડ રેટ સિટીઝન બની જાય છે. એમના પર અનેક પ્રકારના પ્રતિબંધો લાગેલા રહે છે અને ડરી ડરીને જીવતા આવા પરિરો વધુ સલામત જિંદગી તથા રોજીરોટી ખાતર પાડોશી હિંદુસ્તાનમાં કોઈને કોઈ બહાને ઘૂસી આવી અહીં જ ઠરીઠામ થઈ જવા માગતા હોય છે. આવા શરણાર્થી હિંદુઓ બાંગ્લાદેશમાંથી હિજરત કરીને બંગાળ અને પૂર્વોત્તર રાજયોમાં વિશેષ પ્રમાણમાં સ્થાયી થયા છે. આવા હિંદુઓને નાગરિકતા મળી જતાં ત્યાંની ખ્રિસ્તી ડેમોગ્રાફી પર કારી ઘા થયો છે. તો વળી દિલ્હી કે અલીગઢની મુસ્લિમ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને બંધારણના બિનસાંપ્રદાયિકતાના અભિગમથી ચીલો ચાતરી મુસલમાનોને અન્યાય કરતા કાનૂન સામે આંદોલન કરવામાં ઔચિત્ય વરતાય છે. પરિસ્થિતિ ખરેખર કાબૂ બહાર જઈ રહી છે અને દેશના મુસલમાનોને ડર પેસી ગયો છે કે ભાજપ શાસનમાં એમને સેકંડ રેટ સિટીઝન ગણવાનું શરૂ થઈ ગયું છે. ઓવૈસીથી લઈ જામિયા મિલિયાનાં મહિલા કુલપતિ સહિત બધાં કેન્દ્રની વિરુદ્ધ મેદાને પડ્યાં છે. ખુદ શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેને આ કાનૂન પાછળ ભાજપ સરકાર એની નિષ્ફળતાઓ છાવરવા માટેનો ઢાંકપિછોડો દેખાવા લાગ્યો છે. શું ખરેખર ભારતીય લોકમાનસમાં સાચી બિનસાંપ્રદાયિકતા સ્થાયી ભાવ બની શકી છે ? જો એમ જ હોત તો કદાચ ભાજપને હિંદુત્વના હુકમના એક્કાના નામે પ્રચંડ બહુમતી ન જ મળી હોત. ઘણા લોકો નવા નાગરિકતા કાનૂન વિરુદ્ધ અદાલતના દરવાજા ખખડાવી રહ્યા છે. અદાલત કાનૂનને બદલી શકતી નથી, કાનૂન તો સંસદ બનાવે છે.

અવલોકન કે અભ્યાસ કરવાથી આપણને ઘણી શીખ મળે છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

એક યુવાન કોમ્પ્યુટર પર કોઈ મહત્ત્વનું ફોર્મ ભરી રહ્યો હતો. કોમ્પ્યુટરનું કર્સર એ રીતે એ ફેરવતો હતો કે જાણે કોઈ બાઈકર, ઝીકઝેક કરીને ડ્રાઈવ કરતો જાય. એને જયાં કર્સર મુકવાનું હોય તો જતા પહેલા ડાબે-જમણે, ઉપર-નીચે એમ ક્યાંકે ફરી આવે અને પછી મૂળ જગ્યાએ જાય.

ચંચળતા એના સ્વભાવમાં હતી. એકાગ્રતા સાથે કામ કરવાની આદત ઓછી હતી. ચીવટ અને કાળજી બાબતે ઓછી જાગૃતિ, એટલે કામ જરૂર કરે પરંતુ એમાં ગંભીરતા ઓછી. સરવાળે કામમાં ક્યાંક અધૂરપ રહે, ભૂલ થાય, સુધારવા માટે બમણી મહેનત કરવી પડે... ઈન્ટરનેટ કનેકશન સ્પીડમાં ન ચાલે તો પણ... બે ચાર... કરીને સાધનોને આમતેમ કર્યા કરે એમાં સમય અને બુદ્ધિ બંને બગડે.

એ દિવસે પણ એવું જ થયું. સાવ સહજ વિગતો ભરવામાં એણે બે ભૂલો કરી. ઓનલાઈન ફોર્મ હતું. સહી પણ કરી. બીજા દિવસે ધ્યાને ચડ્યું કે રૂબરૂ ઈન્ટરવ્યુ સમયે કહ્યું કે આ બે વિગતો શરતચૂકથી ખોટી ભરાઈ છે, પેલા અધિકારીએ વળી માનવતાપૂર્ણ અભિગમથી ઠપકો પણ આપ્યોને ત્યાં ભૂલો સુધારી પણ આપી.

●●●

'ડેરી, મારા ઈન્કમટેક્સના જરૂરી પેપર્સ અને બેન્ક ફાઈલ અંકલને આપવાના છે. આજે તમે આપી આવશો ?'

'હા બેટા, હું આપી આવીશ.' ડેડીએ જવાબ આપ્યો. સવારે ૧૧ વાગ્યા આસપાસ ગયા પણ ખરા. એ કન્સલ્ટન્ટ એમના મિત્ર એટલે ચા-પાણી પીધા... વાતો કરી...

પછી પેલા કાગળ આપીને નીકળ્યા... પેલા કન્સલ્ટન્ટે પૂછ્યું કે 'બધા પેપર્સઆવી ગયા ને ?' તો કહે હા... આમ બપોરે ઘરે આવ્યા. જમ્યા. અચાનક ધ્યાન પડ્યું કે ત્રણ-ચાર પેપર્સ તો રહી ગયા છે, આપવાના... એટલે બપોરે ૪-૫ કિલોમીટર દૂરની ઓફિસે ફરી ગયા, સ્કૂટર લઈને. 'સોરી સોરી, આ પેપર્સ આપવાના રહી ગયા...' કહીને બેઠા... ચા પીધી. એકાદ-બે ફોન કોલ્સ મોબાઈલમાં રીસીવ કર્યા. પરત ઘરે આવવા નીકળ્યા... ઘરે આવીને ખ્યાલ આવ્યો કે મારો ફોન ક્યાંક રહી ગયો... પેલી ઓફીસે જ રહી ગયો હશે... એમ માનીને બીજા ફોનમાંથી ફોન કર્યો તો એમના મિત્રએ જ ઉપાડ્યો. 'અરે ભાઈ, તારો ફોન તું અહીં ભૂલી ગયો છે, બધા ફોટા ને ચેટીંગ તપાસીએ ત્યાં સુધીમાં અહીં આવી લઈ જા આ તારો ફોન...'

ફરી ત્યાં જવાનું થયું એ સજ્જનને...

પોતાની ઉતાવળ, બેકાળજી, ઊભા થતાં કે નીકળતા પોતાની વસ્તુ ચેક ન કરવાની આદત... જે ગણો તે... એક જ ધક્કે જે કામ પૂરું થાય એ માટે ત્રણ ધક્કાનો સમય થયો ને ત્રણ વાર જવાનું પેટ્રોલ પણ બળ્યું.... ઉચાટ - ચિંતા - ઉદ્વેગ થયા એ નફામાં...

તન અને મનની સ્થિરતા, ચોકસાઈ અને કાળજી હોય તો આવું ન થાય અથવા ઓછું થાય...!!!

●●●

લગ્ન પ્રસંગ નિમિત્તે ભોજન સમારંભ ચાલતો હતો. સહુ બુફે-ડીનરમાં પોતાપોતાના ગ્રૂપમાં જમતા હતા. એક બહેન વાતવાતમાં સહુને પોતાની વાત કહેતા હતા. એમની વાતના મૂળમાં એ વાત સમાયેલી હતી કે શત-પ્રતિશત સમર્પિત થઈને કરી શકાય તો હજ હું કામ સ્વીકારું, અને મુજબ જ કરું.

સ્વાભાવિક છે કે આવી વ્યક્તિ એમના કામમાં મોટાભાગે સફળ થાય જ...

ઘટના ત્રણ છે ત્રણેનો સંદેશ પણ અલગ છે... પણ વાત એમાંથી આપણને મળતી જાગૃતિની છે...

●●●

મારા ને તમારા જીવનમાં બનતી આવી નાની-નાની ઘટનાઓ તરફ આપણે ધ્યાન આપતા નથી, અથવા તો નજર અંદાજ કરીએ છીએ, પરંતુ આવી ઘટનાઓ જ આપણને અમૂલ્ય બોધપાઠ આપે છે.

આંખ-કાન ખુલ્લા રાખવાથી, અવલોકન કે અભ્યાસ કરવાથી આપણને ઘણી સીખ મળી શકે છે. બીજાના અનુભવો, બીજાના જીવન પ્રસંગો આપણા માટે ઉદાહરણ રૂપ બની શકે છે.

અવલોકન અને અભ્યાસ એ માનવજીવનની મહત્ત્વની સંવેદના છે, એના કારણે પણ આપણા જીવનમાં અજવાળા રેલાય છે.

આપણામાં જટાયુપણું ક્યારે આવશે?

વિચારયાત્રા

ડો. જય ઓઝા

સુવર્ણમૃગની છદ્મ જાળમાં આકર્ષાઈને સીતામાતા પ્રભુશ્રી રામને પરાણે તેને મારવા મોકલે છે, પછી સાધુના વેશમાં રાવણ સીતાજી પાસે આવે છે. મનાઈ કરી હોવા છતાં સીતાજી લક્ષ્મણ-રેખા ઓળંગીને બહાર નીકળે છે, અને રાવણ પોતાના અસલ સ્વરુપમાં આવીને સીતાજીનું અપહરણ કરીને પુષ્પક વિમાનમાં લંકા તરફ પ્રયાણ કરે છે, સીતાજીનો વલોપાત તેમનુ આક્રંદ સાંભળવાવાળું કોઈ નથી, પણ એક વૃક્ષની ટોચે બેઠેલ વૃદ્ધ ગીધ તેમનો આર્તનાદ સાંભળે છે, પુષ્પક વિમાન જેવા માયાવી યંત્ર અને રાક્ષસેન્દ્ર રાવણને જોઈને જ વૃદ્ધ ગીધ સમજી જાય છે,કે આ કોઈ અબળા નારીનું અપહરણ અતિશય બળશાળી અને માયાવી રાક્ષસ કરીને જઈ રહ્યો છે,રામાયણમાં શ્લોક છે કે,

વૃદ્ધઃ અહં ત્વં યુવા ધન્વી સરથઃ કવચી શરી ।
ન ચાપ્યાદાય કુશલી વૈદેહી મે ગમિષ્યસિ ॥

● હે રાવણ, હું વૃદ્ધ છું અને તુ યુવાન છે,રથવાળો છે, કવચ ધારણ કરેલ છે,બાણ પણ તારી પાસે છે,છતાં પણ મારા હોવા સુધી તુ કુશળતાપૂર્વક વૈદેહીને લઈને નહી જઈ શકે, અર્થાત હું જીવીત છું ત્યાં સુધી તો તું સીતાજીને અહીંથી નહીં જ લઈ જઈ શકે.

એક સામાન્ય પક્ષીનો હુંકાર જુઓ,તેનું સાહસ અને પરસ્ત્રીના રક્ષણ માટેની તત્પરતા જુઓ..સલામ કરવાનું મન થઈ જાય.

પહેલા ફકરામાં જે રામાયણની કથા મૂકી છે,તે આપણી સૌ માટે નવી નથી જ છતાં મૂકી છે,કારણકે ખૂબ માર્મિક અને પ્રતીકાત્મક છે. ફરીથી વાંચો, સુવર્ણમૃગ તે અત્યારનું મીડિયા છે, સંમોહનની જાળ પાથરીને બેઠેલું નગ્ન અને દ્વિઅર્થી સંવાદોનું મનોરંજન પીરસતુ માધ્યમ છે, વડીલોની વાતો તેમની ચેતવણી રુપી લક્ષ્મણ-રેખાને તકિયાનુસી અને વેવલી ગણનારી સીતાજી એટલે આજની કેહવાતી આધુનિક પેઢી છે(યાદ રહે આમા છોકરાં અને છોકરી બંનેનો સમાવેશ થાય છે) પ્રભુ શ્રી રામ એટલે આજના દરેક અભિભાવક આજનાં માતા-પિતા છે,કે જેઓ બાળકની ખોટી અને અઘટીત જીદને પણ પૂરી કરવા કટિબદ્ધ બને છે. લક્ષ્મણ એટલે એવા વ્યક્તિ કે જે ધારે તો ચોક્કસ પરિવર્તન લાવી જ શકે પણ સંજોગોને ઘૂટણીયે પડીને અકાર્ય કરવા પણ પ્રવૃત્ત થઈ જાય છે.

જ્યારે દરેકે દરેક વ્યક્તિ પોતાના સ્વધર્મને વિસ્મરીને પોતાના કર્તવ્ય પથ પરથી ચ્યુત થાય છે,ત્યારે એક સામાન્ય, શરીરે વૃદ્ધ એવું પક્ષી પોતાના અન્યાય વિરુદ્ધ ચૂપ ન રહેવાના ધર્મને અનુસરીને અત્યંત બળવાન એવા રાવણને પડકારે છે,પોતાનું મૃત્યુ નિશ્ચિત જ છે તે જ્ઞાત હોવા છતાં આતતાયી રાક્ષસ સામે કૂદી પડે છે. આ વૃદ્ધ ગીધ એટલે જટાયુ. રામાયણમાં ૨૪૦૦૦ શ્લોક છે,અને તેમાથી કદાચ ૨૦-૨૫ શ્લોક જ જટાયુના પ્રસંગને વર્ણવતા લખાયા છે. અને છતા તે સામાન્ય લાગતુ વૃદ્ધ પક્ષી રામાયણના અમર પાત્રોમાનું એક પાત્ર છે. કારણકે તેનુ કાર્ય જ એવુ છે કે આખી ત્રણ કલાકની ફિલ્મમાં મહેમાન કલાકારની જેમ આવીને પોતાની અમિટ છાપ છોડી જાય છે, તેમ તે ઓછા સમયમાં હૃદય સોંસરવા ઉતરી જાય તેવા કાર્ય દ્વારા અમર થઈ જાય છે. વળી પાછી એ જ વાત - બાબુમોશાય જીંદગી લંબી નહીં બડી હોની ચાહિએ.

બાજુવાળાના ઘરમાં થાય છે ને મારે શુ? મારે કેટલા ટકા? આવી માનસિકતામાં રાચતા આપણા જેવા અન્યાય અને ન્યાય જેવી કોઇ પણ સંવેદનશીલ ભાવના આપણામાં પ્રવેશતી જ નથી,અથવા આપણે પ્રયત્નપૂર્વક પ્રવેશવા દેતા જ નથી. પોપટ તો ઘરની વાણી બોલે, બાળક જેવું ઘરમાં જોશે અને શીખશે તે જ બહાર દેખાશે. આપણે જ તેમને શીખવવાનું છે કે ઘરની બહેન-દિકરી અને બહારની દિકરીઓ સાથે કેવુ વર્તન કરવું જોઇએ,તેમને કેવી રીતે સન્માન આપવું જોઈએ, આપણા વર્તન દ્વારા જ આપણે તેમને શીખવવું જ રહ્યું કે અન્યાય સહન કરવો એ પણ અન્યાય કરવા બરાબર જ છે.

જટાયુ જેવી વૃત્તિ આપણે કેળવવી પડશે જેને જોઈને બાળક શીખશે કે સમાજમા ઘટતા કોઈ અનિચ્છનીય બનાવ વખતે કે અન્યાય વિરુદ્ધ એકલા હોવા છતાં કેવી રીતે અવાજ ઉઠાવવો.

આપણું બાળક ઘરે આવતા અતિથિ સામે અવનવા ડાન્સ કરે તો આપણે પોરસાઈએ છીએ તેમ જો સંસ્કારની કે પછી કોઈ લાગણીસભર ભાવમાં હનુમાન-ચાલીસા કે ગાયત્રી-મંત્ર જો બોલે તો તેને વધુ પ્રોત્સાહિત કરીશું તો ક્યારેય સમાજ અસુરક્ષિત નહીં રહે.

સી.એન.જી. સ્ટેશન પર ગેસ ભરાવીને પાછા લેવાના થતાં છુટ્ટા ૨-૩ રુપિયા પણ આપણે ખખડીને માંગી શકતા નથી,અને દબાતા અવાજે પૂછીએ ત્યારે છણકો કરીને છુટ્ટા નથી એમ કહે ત્યારે નીચા મોઢે કાર હંકારી દઈએ છીએ.

પાર્કિંગમાં આડેધડ પાર્ક કરેલી ગાડી અને સ્કૂટર પડ્યા હોય અને આપણે માંડ-માંડ ધીરે ધીરે રસ્તો કરતા કરતા આપણું વાહન બહાર કાઢતા હોઈએ,ત્યારે જ કોઈ પોતાનું વાહન બરાબર આપણી વચ્ચેના ભાગમાં જ પાર્ક કરી દે તો પણ આપણે જો ચૂપચાપ રસ્તો કરી લેતા હોઈએ, અને હમણાં હમણાં ટ્રાફિક સેન્સની બિલકુલ સેન્સ વગરના આપણાં શહેરમાં ચાર રસ્તા ઉપર રેડ સિગ્નલ વખતે ડાબી બાજુની ખુલ્લી સાઈડને પણ દબાવીને બેઠેલા અણઘડ બુડથલોને આપણે જો ઠમઠોરીને ઉત્તર ન આપી શકતા હોઈએ તો પછી આપણા ઘરમાં જટાયુ ક્યાથી પાકે?

જટાયુપણું આપણામાં આણવું એટલે સૌપ્રથમ તો પોતાના અંતરાત્માની ધ્વનિને અનુસરવાની હિંમત કેળવવી . જટાયુ બનવુ એટલે બાવડેબાજ મસલમેન બનાવાનું એમ નહીં પરંતુ ઋજુ હૃદય સાથે સામા વ્યક્તિની મુશ્કેલ ઘડીમાં સાથ આપવો. જ્યારે સમાજનાં સાચા પરંતુ નબળા અને શોષિત વ્યક્તિની સામે આખો લંપટ સમાજ વેરી બનીને ઊભો હોય ત્યારે તેની પડખે ઊભા રહેવુ એટળે જટાયુ બનવુ. એવી ખબર જ હોય કે લગતા વળગતા ખૂંખાર માણસો આપણો ગજ વાગવા જ નહીં છતાં પણ અવાજ ઊઠાવવાની હિંમત કેળવવી એટલે જટાયુ બનવુ. આટલું જ તો ખોટું થયુ છે, તેમ માનીને બેસી ન રહેતા નાનામાં નાની અનપેક્ષિત ઘટનાને પણ સંપૂર્ણ તાકાત સાથે વખોડી કાઢવી એટલે જટાયુ બનવુ. માત્ર પોતાપણાનાં વિચાર કે પોતાના સ્વાર્થ માટે જ નહીં બીજા માટે પણ સમસંવેદનશીલ બનીને સહાય કરવી એટલે જટાયુ બનવુ. કોઈની દયા ખાઈને બેસી ન રહેતા તેની પીડાને પોતીકી ગણીને પોતાનુ સર્વસ્વ ન્યોચ્છાવર કરીને પણ બચાવવાનો યત્ન કરવો એટલે જટાયુ બનવુ.

કોઈ તક્ષશિલા કે નાલંદા યુનિવર્સિટીની ડિ.લીટ.ની પદવી લેવા બરાબર માપદંડ છે ને જટાયુ બનવા માટે !! એ તો હોય જ ને...જટાયુ કઈ એમનેમ થોડુ બનાય છે?

- jayuoza@gmail.com
Mo.9898046488

હૈદરાબાદના એ સીધાસાદા યુવાને ઈન્ટરનેશનલ જાયન્ટ કંપનીના વર્કકલ્ચર કેવી રીતે બદલ્યું?

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

દરેક વ્યક્તિની એક અલગ કહાની હોય છે. દરેકની સંવેદનાના સ્તર જુદા જુદા હોય છે. સંવેદના સફળતાની ગુરુચાવી છે. ભારતીય મુળના સત્યા નડેલાએ શીખેલા સંવેદનાના પદાર્થપાઠની વાત અસરકારક તો છે જ સાથે સાથે એટલી જ રોમાંચથી ભરેલી છે. જ્યારે માઈક્રોસોફ્ટ કંપની તેના ચાર દાયકાના સૌથી કપરા કાળમાંથી પસાર થતી હતી એવા સમયમાં સત્યા નડેલાએ માઈક્રોસોફ્ટના સીઈઓ તરીકે જવાબદારી સંભાળી હતી.

વર્ષ ૧૯૯૨ની વાત છે. માઈક્રોસોફ્ટ કંપનીમાં ટેકનોક્રેટ્સની ભરતી કરવામાં આવતી હતી. મેનેજર રિચાર્ડ ટૈડ યુવાન ટેકનોક્રેટ્સના ઈન્ટરવ્યૂ લઈ રહ્યા હતા. સત્યા નડેલા પણ એક ઉમેદવાર તરીકે એમાં હતાં. ઈન્ટરવ્યૂ વખતે ટૈડે સત્યાને પૂછ્યું કે 'તમે રસ્તા પર ચાલતા જતાં હોવ અને ફૂટપાથ ઉપર કોઈ બાળક ચોધાર આંસુએ રડતું હોય, તો એ સમયે તમારી શું પ્રતિક્રિયા હોય ?' સત્યાએ તરત જવાબ આપ્યો. 'હું આપતકાલિન તત્કાલ સેવાને ફોન કરીને વાહન બોલાવી રડતું બાળક એમને સોંપી દઉ.' ઈન્ટરવ્યૂ લેનાર ટૈડે સત્યાને વિનમ્રતાપૂર્વક કહ્યું 'મિત્ર, આવા વખતે સંવેદના બહુ મોટું કામ કરતી હોય છે. તમે ભારોભાર સંવેદનાથી છલકતા હોવા જોઈએ. તમારે એ બાળકને ઊંચકીને એની સાથે સંવેદનાસભર લાગણીપૂર્વક વર્તન કરવું જોઈએ એવું મને લાગે છે.'

સત્યા નડેલાને એમની ટેકનિકલ હોંશિયારી અને ક્ષમતા અનુસાર માઈક્રોસોફ્ટ કંપનીએ જોબ ઓફર કરી. પરંતુ તે દિવસથી યુવા સત્યા સમજી ગયા કે, એમણે તેમના માટે અને પોતાના અંગત જીવનમાં સહાનુભૂતિથી સંવેદનાના પદાર્થપાઠ શીખવાની તાતી જરૂર છે. સત્યાના પોતાના જીવનમાં પણ અનેક વિડંબનાઓ રહી છે. સત્યાનો દીકરો જૈન ગંભીર બિમારીથી પીડાય છે. વળી પરિવારમાં બીજી બે દીકરીઓ પૈકી એક દીકરીની પણ વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. આ વાતનો ઉલ્લેખ સત્યા નડેલાએ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એમના પુ?સ્તક 'હીટ રિફ્રેશ'માં ઉલ્લેખ કર્યો છે. એ તો સર્વસ્વીકૃત છે કે, સત્યા નડેલાને એમની સમજદારી, અક્કલ-હોંશિયારીને કારણે કામ મળ્યું અને ત્યાર પછી માઈક્રોસોફ્ટની પ્રગતિનો ઈતિહાસ દુનિયા જાણે છે. આજે માઈક્રોસોફ્ટમાં સંવેદના અને સહાનુભૂતિ કાર્યસંસ્કૃતિ બની ગઈ છે. કદાચ એટલા માટે જ આ કંપની ૫૯૩.૧૫ અબજ ડોલરની માર્કેટ વેલ્યુ સાથે ગ્લોબલ ટેક કંપની તરીકે આળસ મરડીને ફરી પાછી બેઠી થઈ છે. વર્ષ ૨૦૧૪માં સત્યા નડેલા માક્રોસોફ્ટના જ્યારે સીઈઓ તરીકે આવ્યા ત્યારે સૌથી પહેલું કામ તેમણે માઈક્રોસોફ્ટ કંપનીની કાર્યસંસ્કૃતિને બદલીને સંવેદનાસભર સંસ્કાર આપવાનું કર્યું. સવા લાખ જેટલા કર્મયોગીઓની ફોજ સાથે આજે માઈક્રોસોફ્ટની સંવેદનાસભર સંસ્કૃતિ વિશ્વભરમાં ટોપ પરફોર્મર તરીકે જાણીતી છે.

સવાલ એ થાય કે હૈદરાબાદથી આવેલો મૃદુભાષી સીધોસાદો એક નવયુવાન માઈક્રોસોફ્ટ જેવી જાયન્ટ કંપનીમાં આ કક્ષા સુધી કેવી રીતે પહોંચ્યો ? એવું તો શું કારણ છે કે, સત્યાને વિશ્વભરમાં એક અલગ ઓળખ મળી છે. આજે સમસ્ત વિશ્વમાં સત્યાની સંવેદનાને સમજવાની કોષિશ થઇ રહી છે. સત્યાનું બાળપણ એક અત્યંત સામાન્ય પરિવારમાં પરંતુ ખુશહાલ રીતે વીત્યું. નૈતિકતા અને મૂલ્ય આધારિત જીવન એના પરિવારનું સૌથી મહત્વનું અંગ હતું. સત્યાનો સનદી પિતા બુક્કાપુરમ અને સંસ્કૃતના જાણકાર માતા પ્રભાવતિ દેવીની છત્રછાયામાં વિકાસ થયો. સત્યાને તેની માતા હંમેશા કહેતી કે, ' બેટા, હૃદય કહે એ પ્રમાણે કામ કરજે. પોતાની ક્ષમતા મુજબ ગતિ અનુસાર કામ કરજે. કામ ત્યાં સુધી કરજે કે જ્યાં સુધી એ કામમાં મજા આવે. મન લગાવીને કામ કરજે. હેતુ માટે કામ કરને. પછી જોજે જીવનમાં ક્યારેય તું નિષ્ફળ નહીં જાય. ' સત્યાએ માતાના આ વચનો હૃદયમાં કંડારીને રાખ્યા છે.

સત્યા સંવેદનાના એવા મુકામ પર પહોંચ્યા છે કે, સૌ કોઈને એના આ ચરિત્રને સમજવા માટે રસ પડે. માઈક્રોસોફ્ટ સીઈઓ તરીકે નડેલા